(૨૦)

**પ્ર. ૧ (અ) નીચેના શબ્દોના અર્થ લખો.** **(૨)**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| ૧. સાવગ | **શ્રાવક** | ૨. કમ્મઉ ય | **કર્મ સંબંધી** |
| ૩. ઠિઆ | **સ્થિત રહેલા** | ૪.ઠામિ | **કરું છું** |

**(બ) માત્ર સંખ્યા લખો.** નિર્ગંથ પ્રવચનના વિશેષણો – **૧૩** શુભ ધ્યાન – **૨** **(૨)**
ક્રિયા સ્થાન – **૧૩** લાંતકના વિમાન – **૫૦,૦૦૦**

**(બ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૬)**

૧. અત્યારે તીર્થંકરો હાજર નથી તો જૈનધર્મ કેવી રીતે ચાલે છે? તીર્થંકરના બીજા નામ શું છે?

**જ. તીર્થંકરો હાજર નથી, પણ પૂજ્ય આચાર્ય, ઉપાધ્યાય, સાધુ–સાધ્વીજીઓ અને ભગવાન મહાવીરના ઉપદેશના ૩૨ આગમો હાજર છે તેમના આધારે જૈનધર્મ ચાલે છે. અરિહંત, જિનેશ્વર.**

૨. અણુવ્રત એટલે શું? તે કેટલા છે?

**જ. જે વ્રતોમાં હિંસાદિ પાપોનો મર્યાદિત ત્યાગ કરાય છે, મહાવ્રતની અપેક્ષાએ નાના હોવાથી પણ અણુવ્રત કહેવાય છે. તે પાંચ છે.**

૩. ગણધર કોને કહેવાય? તેઓ હાલ ક્યાં બિરાજે છે?

**જ. તીર્થંકરના મુખ્ય દ્વાદશાંગી રચનારા શિષ્યોને ગણધર કહેવાય છે. ગણ એટલે સમૂહ. ધર એટલે ધારક. ઘણા શિષ્ય સમૂહના ધારકને ગણધર કહેવાય છે. તેઓ હાલ મહાવિદેહમાં બિરાજે છે.**

**(ક) બીજા કર્મગ્રંથના આધારે જવાબ લખો.** **(૧૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૫)**

૧. સદ્ભાવ સત્તા એટલે શું? ચૌદમા ગુણસ્થાનના ચરમ સમયે કેટલી અને કઈ કઈ પ્રકૃતિની સત્તા હોય?

**જ. આત્મામાં વર્તમાને જે કર્મો વિદ્યમાન હોય, તેને સદ્ભાવ સત્તા કહે છે. જેમ કે – વર્તમાને આપણે મનુષ્યાયુ ભોગવી રહ્યા છીએ, તેથી મનુષ્યાયુની સદ્ભાવ સત્તા છે.**
**ચૌદમા ગુણસ્થાને ૧૨/૧૩ ની સત્તા હોય. સૌભાગ્ય નામ, આદેય નામ, યશોકીર્તિ નામ, ત્રસ નામ, બાદર નામ, પર્યાપ્ત નામ, પંચેન્દ્રિય જાતિ, જિનનામ, મનુષ્ય ગતિ, મનુષ્ય આયુ, શાતા કે અશાતા વેદનીય, ઉચ્ચ ગોત્ર અને મતાંતરમાં મનુષ્યાનુપૂર્વીની સત્તા ગણાય તો ૧૩ ની સત્તા નહિ તો ૧૨ ની સત્તા.**

**(૨) નીચેની પ્રકૃતિનીસત્તા ક્યાં સુધી? સત્તા વિચ્છેદ ક્યારે?** **(૫)**

| | સત્તા | સત્તા વિચ્છેદ |
|---|---|---|
| ૧. તિર્યંચ ગતિ | **૯ મા ગુણસ્થાનના ૧ લા ભાગ સુધી** | **૯ મા ગુણસ્થાનના ૧ લા ભાગના છેડે** |
| ૨. કાળો વર્ણ | **૧૪ મા ગુણસ્થાનના દ્વિચરમ સમય સુધી** | **૧૪ મા ગુણ.ના દ્વિચરમ સમયના છેડે** |
| ૩. સંજવલન માયા | **૯ મા ગુણસ્થાનના સુધી** | **૯ મા ગુણસ્થાનના છેડે** |
| ૪. નિદ્રા | **૧૨ મા ગુણસ્થાનના દ્વિચરમ સમય સુધી** | **૧૨ મા ગુણ.ના દ્વિચરમ સમયના છેડે** |
| ૫. આતાપ નામ | **૯ મા ગુણસ્થાનના ૧ લા ભાગ સુધી** | **૯ મા ગુણસ્થાનના ૧ લા ભાગના છેડે** |

(૫)

**પ્ર. ૨ સૂયગડાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ક્ષેત્ર વેદના કેટલા પ્રકારની છે? કઈ કઈ? (૩)

**જ. ૧૦ પ્રકારની. અનંતી ઠંડી, અનંતી ગરમી, અનંતી ભૂખ, અનંતી તરસ, અનંતી ખંજવાળ, અનંતો ભય, અનંતું પરવશપણું, અનંતો શોક, અનંતી જરા, અનંતો રોગ.**

૨. મનુષ્ય ગતિમાં જીવો ...... છે. જીવનું ...... ....... માત્ર ...... છે. (૨)

**જ. કર્માધીન, સંસાર પરિભ્રણ, દુ:ખદાયક**

(૧૦)

**પ્ર. ૩ ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. આત્મવાનના સ્થાન કયા કયા છે?

**જ. સંયમ પર્યાય, શિષ્ય પરિવાર, શ્રુતજ્ઞાન, તપ, લાભ, પૂજા સત્કાર.**

૨. અનુયોગી પ્રશ્ન તથા સ્વપ્નાન્તિક પ્રતિક્રમણ એટલે શું?

**જ. અનુયોગી પ્રશ્ન – સૂત્રાદિના અર્થ વ્યાખ્યા સમજવા પૂછાતા પ્રશ્નો.**
**સ્વપ્નાન્તિક પ્રતિક્રમણ – દુ:સ્વપ્નાદિ જોયા પછી પ્રથમ શ્રમણસૂત્રથી કરવામાં આવતું પ્રતિક્રમણ.**

૩. પ્રમાદના છેલ્લા ચાર પ્રકાર લખો.

**જ. શબ્દાદિ ઈન્દ્રિય વિષય પ્રમાદ, ક્રોધાદિ કષાય પ્રમાદ, દ્યુત (જુગાર) પ્રમાદ, પ્રતિલેખના સંબંધી પ્રમાદ.**

૪. આહાર કરવાના પહેલા ચાર કારણ લખો.

**જ. વેદના ક્ષુધાની પીડા દૂર કરવા, ગુરુજનોની વૈયાવૃત્ય કરવા, ઈર્યા સમિતિનું પાલન કરવા, સંયમની રક્ષા કરવા.**

૫. આકાશ દ્રવ્ય જ ...... ને સ્થાન આપે છે, તે સ્વયં ....... અને ....... છે. તેનો કોઈ ....... નથી.

**જ. સર્વદ્રવ્ય, વિશાળ, સ્વપ્રતિષ્ઠિત, આધાર.**

(૧૦)

**પ્ર. ૪ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ ૩ થી ૪ લીટીમાં લખો.**

૧. પુંડરિકના અધ્યયનમાં શેનું દિગ્દર્શન અને શેની પ્રેરણા આપવામાં આવી છે?

**જ. આહાર આસક્તિ, ભોગ આસક્તિના દુષ્ફળ તથા વિરક્તિના સુફળનું દિગ્દર્શન કરવામાં આવ્યું છે. સાધકોને ભોગોથી ઉદાસીન બની સફળ સાધના–આરાધના કરવા માટેની પ્રેરણા આપવામાં અવી છે.**

૨. પુંડરિક અણગારે કયો ધર્મ અંગીકાર કર્યો? તેઓ ક્યાં ઉત્પન્ન થયા? તેમનું ભવિષ્ય શું છે?

**જ. ચાતુર્યામ ધર્મ. સર્વાર્થસિદ્ધ નામના અનુત્તર વિમાનમાં દેવપર્યાયમાં ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવીને અનંતર ભવમાં મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્ય જન્મ ધારણ કરીને સિદ્ધિ પ્રાપ્ત કરશે.**

૩. કંડરિક કુમાર કઈ નગરીમાં રહેતા હતા? તે નગરી ક્યાં આવેલી હતી? તેમના માતા–પિતાનું નામ શું હતું?

**જ. જંબૂદ્વીપના પૂર્વ મહાવિદેહ ક્ષેત્રમાં સીતા નામની મહાનદીના ઉત્તરી કિનારે પુષ્કલાવતી વિજયમાં પુંડરીકિણી નગરીમાં રહેતા હતા. માતા–પદ્માવતી, પિતા–મહાપદ્મ.**

૪. કંડરિક અણગાર શિથિલાચારી થઈ ગયા ત્યારે પુંડરિક રાજાએ શું કહ્યું?

**જ. આપ ધન્ય છો, કૃતાર્થ છો, કૃતપુણ્ય છો કે આપે મનુષ્યજન્મ અને જીવનનું સુંદર ફળ મળ્યું છે. આપ રાજ્ય અને અંત:પુરને છોડી પ્રવ્રજિત થયા છો. હું અધન્ય, અકૃતાર્થ, પુણ્યહીન છું, જેથી કરી રાજ્યમાં,અંત: પુરમાં અને મનુષ્ય સંબંધી કામભોગમાં મૂર્ચ્છિત તથા તલ્લીન રહું છું. દીક્ષિત થવા સમર્થ થઈ શક્યો નથી.**

૫. કોણ બોલે છે કોને કહે છે? : (૧) આપ મારી યાનશાળામાં પધારો – **પુંડરિકે સ્થવિર ભગવંતોને કહ્યું.**
(૨) જેમ તમને સુખ ઉપજે તેમ કરો – **સ્થવિર મુનિએ કંડરિકને કહ્યું.**

**અથવા**

**પ્ર. ૪ પુષ્પિકા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. એક દિવસ મધ્યરાત્રિએ સુભદ્રાને શું વિચાર આવ્યો? સુભદ્રાના પતિનું નામ શું હતું?

**જ. હું ભદ્ર સાર્થવાહની સાથે વિપુલ ભોગો ભોગવવા છતા મને એક પણ સંતાનની પ્રાપ્તિ નથી થઈ, તો હવે મારે સુવ્રતા આર્યાજી પાસે દીક્ષા જ ગ્રહણ કરી લેવી જોઈએ.**

૨. સુવ્રતા આર્યાના સમજાવવા પર સુભદ્રા આર્યાએ શું વિચાર કર્યો?

**જ. હું જ્યારે મારા ઘરે હતી ત્યારે સ્વતંત્ર હતી, ત્યારે આ બધા મારો આદર કરતા હતા. મારી સાથે પ્રેમપૂર્વક બોલતા હતા, પણ હવે તેઓ મારો આદર કરતા નથી અને મારી સાથે પ્રેમથી બોલતા પણ નથી, તેથી કાલે પ્રાત:કાળે સૂર્યોદય થવા પર હું અહીંથી નીકળી પૃથક્ સ્થાન ગ્રહણ કરી વિચરું.**

૩. સોમા આર્યા ક્યાં ઉત્પન્ન થશે? તેમનું ભવિષ્ય શું છે?

**જ. સોમા આર્યા મૃત્યુના અવસરે મૃત્યુ પામીને દેવેન્દ્ર, દેવરાજ શક્રના સામાનિક દેવરૂપે ઉત્પન્ન થશે. ત્યાં સોમ દેવની ૨ સાગરોપમની રહેશે. ત્યાંની સ્થિતિ પૂર્ણ કરી તે સોમ દેવ મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈ સર્વ કર્મોનો ક્ષય કરી, સર્વ દુ:ખોનો ક્ષય કરી સિદ્ધ થશે.**

૪. પહેલીવાર ધર્મ સાંભળી સોમા સુવ્રતા આર્યા પાસે શું લેશે? પોતાના આત્માને કેવી રીતે ભાવિત કરશે?

**જ. બાર પ્રકારના શ્રાવકધર્મનો સ્વીકાર કરશે. શીલવ્રત, ગુણવ્રત, શિક્ષાવ્રત, પ્રત્યાખ્યાન, પૌષધોપાવસથી આત્માને ભાવિત કરતા વિચરશે.**

૫. સહજ પ્રાપ્ત થયેલા સંજોગોમાં ...... રાખી ...... ન રહેવાથી જ મનુષ્યને..... અને ...... ની પ્રાપ્તિ થાય છે.

**જ. સંતોષ, પ્રસન્ન, સુખશાંતિ, આત્માનંદ.**

(૫)

**પ્ર. ૫ અંતગડ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ભગવાને સ્થવિર મુનિને શું કહ્યું? (૩)

**જ. હે આર્યો ! પ્રકૃતિથી ભદ્ર, વિનીત એવો મારો અંતેવાસી શિષ્ય અતિમુક્તકુમાર આ ભવમાં જ સિદ્ધ થશે. સર્વ દુ:ખોનો અંત કરશે. તેથી હે આર્યો ! તમે તેની હીલના, નિંદા, ખિંસના, ગર્હા અને અપમાન કરો નહિ, પરંતુ તેમને સહાયતા કરો અને આહાર–પાણી દ્વારા વિનયપૂર્વક તેની વૈયાવચ્ચ કરો. અતિમુકતકુમાર ચરમશરીરી છે.**

૨. અતિમુક્ત મુનિએ દીક્ષા પછી શું અભ્યાસ કર્યો? કેટલા વર્ષ સંયમનું પાલન કર્યું?

**જ. સામાયિક આદિ ૧૧ અંગોનો અભ્યાસ કર્યો. ઘણા વર્ષો સંયમનું પાલન કર્યું.**

૩. શ્રીવન ઉદ્યાનમાં બિરાજમાન છે. – **કોણ બોલે છે અને કોને કહે છે?** (૧)

**જ. ગૌતમ સ્વામી અતિમુક્ત કુમારને કહે છે.**

(૫)

**પ્ર. ૬ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. નૌકા વણિકો કયા દ્વીપ પર પહોંચ્યા? ત્યાં શું જોયું? (૨×૨)

**જ. કાલિક નામના દ્વીપ પર પહોંચ્યા. ત્યાં ઘણી ચાંદીની, સોનાની, રત્નોની, હીરાની ખાણો જોઈ. સાથે જ વિવિધરંગી ગતિ કરવામાં કુશળ, પ્રશિક્ષણ અનુસાર ચાલનારા વિનિત, ગુણવાન, સહનશીલ એવા ઉત્તમ જાતિના અશ્વોને પણ જોયા.**

૨. આકીર્ણ અધ્યયનનો સારાંશ લખો.

**જ. ઈન્દ્રિયોના વિષયોનું આકર્ષણ તથા ભોગવટો ઘોર પીડા તથા દુ:ખનું કારણ બને છે અને ઈન્દ્રિયના વિષયનો ત્યાગ સુખ તથા પરંપરાએ મોક્ષને પ્રાપ્ત કરાવે છે, માટે ભોગ કરતા ત્યાગમાં જ રમણ કરવું એકાંતે શ્રેયસ્કર છે.**

૩. ચક્ષુઈન્દ્રિયને સુખપ્રદ વસ્તુઓ કઈ કઈ છે? (૧)

**જ. રમકડાઓ, ચિત્રો વગેરે.**

(૧૫)

**પ્ર. ૭ ઉત્તરાધ્યયન સૂત્રના આધારે જવાબ લખો.**

**(અ) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.** **(૯)**

૧. હિરણ્ણં ...... **પાના નં. ૫૧ ગાથા ૪૬** ૨. સદ્ધં ...... **પાના નં. ૪૪ ગાથા ૨૦**

૩. જે કેઈ ...... **પાના નં. ૪૭ ગાથા ૩૨**

**(બ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૬)**

| | **જવાબ** |
|---|---|
| ૧. બ્રાહ્મણોને શેનું દાન આપવાનું છે? | **ગાયો, ભૂમિ, સુવર્ણ વગેરે પદાર્થોનું આપવાનું છે.** |

૨. લોભ કરવાથી શું થાય છે? — **આ લોક અને પરલોક ભયરૂપ બને છે.**

૩. મનુષ્યને કેમ તૃપ્તિ થતી નથી? — **મનુષ્યોની ઈચ્છાઓ આકાશની જેમ અનંતી છે.**

૪. સ્થાયી ઘર ક્યાં બનાવવું જોઈએ? — **જ્યાં પોતાને જવાનું છે ત્યાં સ્થાયી ઘર બનાવવું જોઈએ.**

૫. નમિ રાજર્ષિને જાતિસ્મરણ જ્ઞાન કેવી રીતે થયું? — **મોહનીય કર્મ ઉપશાંત થવાથી અને જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થવાથી.**

૬. ઉદ્યાનમાં વૃક્ષ કેવું હતું? — **અતિ રમ્ય, પત્ર, પુષ્પ તથા ફળોથી યુક્ત, સહુને શીતળ છાયા આપનારું, અનેક પક્ષીને આશ્રય દેનારું, ઉપકારી.**

**(૧૦)**

**પ્ર. ૮ ભગવતી સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. લવણ સમુદ્રની પહોળાઈ, પરિધિ આદિનું વર્ણન કેવું છે?

**જ. લવણ સમુદ્રની સમચક્રવાલ પહોળાઈ ૨ લાખ યોજનની છે. પરિધિ ૧૫ લાખ, ૮૧ હજાર, ૧૩૯ યોજનથી કાંઈક ઓછી છે. પૂર્વથી પશ્ચિમના ચરમાંતરમાં અને દક્ષિણથી ઉત્તરના ચરમાંતરની વચ્ચે ૫ લાખ યોજનનું અંતર છે.**

૨. પાતાળ કળશા કેટલા છે? કેવી રીતે? તેના માલિક દેવ કોણ છે?

**જ. ૭૮૮૮. ૭૮૮૪ નાના કળશ અને ૪ મોટા કળશ. ચાર મોટા કળશના માલિક દેવ – કાળ, મહાકાળ, વેલભ અને પ્રભંજન. નાના કળશોના એક–એક દેવતા માલિક છે.**

૩. વારુણી સમુદ્ર, પુષ્કર સમુદ્ર, કુંડલ સમુદ્ર, લવણ સમુદ્રના પાણીનો સ્વાદ કેવો છે?

**જ. મદિરા સરખો, પાણી જેવો, ઈક્ષુરસ જેવો, ખારો.**

૪. ૯, ૧૫ દ્વીપના નામ અને ૪, ૧૦ સમુદ્રના નામ લખો.

**જ. ૯ – અરુણ દ્વીપ, ૧૫ – રુચક દ્વીપ, ૪ – વારુણી સમુદ્ર, ૧૦ – અરુણવર સમુદ્ર.**

૫. લવણ સમુદ્રની ...... તરફ ...... છે. તે ...... ઊંચી ...... પહોળી છે.

**જ. ચારે, પદ્મવર વેદિકા, ૦ાા યોજનની, ૫૦૦ ધનુષની.**

**(૧૦)**

**પ્ર. ૯ પન્નવણા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. સ્પૃષ્ટ દ્વાર લખો.

**જ. ઈન્દ્રિયોને જે પુદ્‌ગલો આવી સ્પર્શે તે પુદ્‌ગલોને ઈન્દ્રિયો ગ્રહે તે. પાંચ ઈન્દ્રિયમાં ચક્ષુઈન્દ્રિય વિના ચાર ઈન્દ્રિયોને પુદ્‌ગલો આવીને સ્પર્શે છે. ચક્ષુઈન્દ્રિયને આવીને સ્પર્શતા નથી.**

૨. સંજ્ઞીભૂત એટલે શું? તેના પ્રકાર કેટલા? કયા?

**જ. સંજ્ઞીભૂત એટલે કાર્મણ પુદ્‌ગલોને જાણી શકે તેવા વિશિષ્ટ અવધિજ્ઞાની. તેના બે પ્રકાર છે–૧) ઉપયોગયુક્ત એટલે ઉપરોક્ત વિશિષ્ટ અવધિજ્ઞાનનો ઉપયોગ લગાવેલા ૨) ઉપયોગ રહિત એટલે ઉપરોક્ત વિશિષ્ટ અવધિજ્ઞાનના ઉપયોગ રહિત.**

૩. સ્પર્શનેન્દ્રિયનો પૃથુત્વ, સંસ્થાન, અવગાઢ દ્વાર લખો.

**જ. પૃથુત્વ – સ્પર્શનેન્દ્રિયનું લાંબાપણું ઉત્સેધ આંગુલથી સંપૂર્ણ શરીર પ્રમાણે. સંસ્થાન – વિવિધ પ્રકારનું. અવગાઢ – અસંખ્યાત આકાશ પ્રદેશ અવગાઢ છે. અનંત–અનંત કર્કશ અને ભારે સ્પર્શ છે, તેમ અનંત અનંત હલકા અને મૃદુ સ્પર્શ છે.**

૪. ૫ ઈન્દ્રિયના દ્વારની ગાથા લખો.

**જ. સંઠાણં, બાહુલ્લં, પોહત્તં, કઈપએસ, ઓગાઢે।**
**અપ્પબહુ, પુટ્ઠ, પવિટ્ઠે, વિષય, અણાગાર, આહારે॥**

૫. વીજળી, પોતાની મેળે ઉત્પન્ન થયેલો હાથી, અળસિયા, મચ્છરનો ચક્ષુન્દ્રિયનો ઉત્કૃષ્ટ વિષય લખો.

**જ. વીજળી – ન હોય, પોતાની મેળે ઉત્પન્ન થયેલો હાથી – ૫૯૦૮ ધનુષ, અળસિયા – ન હોય,**

મચ્છર – ૨૯૫૪ ધનુષ.

(૧૦)

**પ્ર. ૧૦ માર્ગણા સમજણ સહિત લખો. (કોઠો બનાવીને લખો.)**

૧. જ્યોતિષીની આગતિમાં ૨. કૃષ્ણલેશી મિશ્રદષ્ટિમાં ૩. અવધિદર્શન ઔદારિક શરીરમાં
૪. ઉર્ધ્વલોક બાદર શાશ્વતામાં ૫. અધોલોક એકાંત મિથ્યાત્વીમાં

જ.

| માર્ગણા | ના. | તિ. | મનુ. | દેવ | સમજૂતી | કુલ ભેદ |
|---|---|---|---|---|---|---|
| ૧. જ્યોતિષીની આગતિમાં | ૦ | ૫ | ૪૫ | ૦ | ૫ સંજ્ઞી તિર્યંચ પંચે., ૧૫ કર્મભૂમિ, ૩૦ અકર્મભૂમિ એ ૫૦ ના પર્યાપ્તા | ૫૦ |
| ૨. કૃષ્ણલેશી મિશ્રદષ્ટિમાં | ૩ | ૫ | ૧૫ | ૩૬ | ૫, ૬, ૭ નરક, ૫ સંજ્ઞી તિર્યંચ પંચે., ૧૫ કર્મભૂમિ, ૧૦ ભવનપતિ, ૧૬ વાણવ્યંતર, ૧૦ જૃભંક એ ૫૯ ના પર્યાપ્તા | ૫૯ |
| ૩. અવધિદર્શન ઔદારિક શરીરમાં | ૦ | ૫ | ૩૦ | ૦ | ૫ સંજ્ઞી તિર્યંચ પંચે.ના પર્યાપ્તા, ૧૫ કર્મભૂમિના અપર્યાપ્તા અને પર્યાપ્તા | ૩૫ |
| ૪. ઉર્ધ્વલોક બાદર શાશ્વતામાં | ૦ | ૩૧ | ૦ | ૩૮ | ૧૦ સૂક્ષ્મ, ૫ સંજ્ઞી તિર્યંચ પંચે.ના અપર્યાપ્તા, ૨ બાદર તેઉકાય એ ૧૭ વર્જીને ૩૧, ૧૨ દેવલોક, ૩ કિલ્વિષીક, ૯ લોકાંતિક, ૯ ગ્રૈવેયક, ૫ અનુત્તર વિમાન એ ૩૮ ના પર્યાપ્તા | ૬૯ |
| ૫. અધોલોક એકાંત મિથ્યાત્વીમાં | ૧ | ૩૦ | ૧ | ૩૦ | ૭ મી નરકના અપર્યાપ્તા, ૨૨ એકેન્દ્રિય, ૩ વિકલેન્દ્રિય, ૫ અસંજ્ઞી તિર્યંચ પંચે. એ ૮ ના પર્યાપ્તા, ૧ સંમૂર્ચ્છિમ મનુષ્યના અપર્યાપ્તા, ૧૫ પરમાધામીના અપર્યાપ્તા અને પર્યાપ્તા | ૬૨ |

જય જિનેન્દ્ર